# નોંધણી સર નિરીક્ષકની કચેરી ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ,"ખ- ૫"સર્કલ પાસે, સેક્ટર -૧૪, ગાંધીનગર

ફોન નં: (૦૭૯) ૨૩૨૮૮૬૧૪, (૦૭૯) ૨૩૨૮૮૩૪૬


ક્રમાંક : ઇજર/વહટ/૩૪૫/૨૦૧૫/૩૩૯૦૮ થી ૩૪૧૨૭ તા.૧૯/૧૦/૨૦૧૭

પ્રતિ,

સબ રજીસ્ટ્રારશ્રી તમામ (ઓનલાઇન)

વિષય – ડીજિટલ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા બાબત.

અનુ. – (૧) મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : આરજીએન/૧૨૨૦૧૭/૧૫૭૧/હ-૧
તા. ૧૯/૯/૧૭

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક/ઇજર/વહટ/૩૪૫/૨૦૧૫/૩૦૭૪૭ થી ૩૧૦૫૮
તા. ૨૭/૯/૧૭

(૩) નાયબ સચિવશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ લેન્ડ રિસોર્સિસ, ભારત સરકારનો પત્ર
તા. ૨૦/૯/૧૭

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, સરકારશ્રીના મહેસુલ વિભાગના અનુ. (૧) વાળા ઠરાવથી રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી ફી ઇ – ચલનથી વસુલ કરવા અંગેની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, જે બાબતે અત્રેની કચેરી દ્વારા અગાઉ તા. ૧૮/૧૨/૨૦૧૬ ના રોજ રાજ્યના તમામ સબ રજીસ્ટ્રારશ્રીઓ તથા નોંધણી નિરીક્ષકશ્રીઓને ગરવી સોફ્ટવેર પર યુઝર ગાઇડ લાઇનથી દસ્તાવેજની નોંધણી ફી ઇ – ચલનથી વસુલ કરવા અંગેની જરૂરી તાલિમ આપેલ હોઇ અત્રેના અનુ. (૨) વાળા પત્રથી રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી ફી ઇ – ચલનથી વસુલ કરવા સુચના આપેલ છે, જેના અનુસંધાને નાયબ સચિવશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ લેન્ડ રિસોર્સિસ, ભારત સરકારના તા. ૨૦/૯/૧૭ ના પત્રથી આપેલ સુચના અનુસાર ઇ – પેમેન્ટ સિસ્ટમનો પક્ષકારો દ્વારા વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે આપની કચેરીમાં આ સાથે સામેલ નમુનારૂપ બેનર / હાર્ડિંગ કચેરીના નોટીસ બોર્ડ પર ફરજિયાત મુકી ડીજિટલ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા આથી જણાવવામાં આવે છે.

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના :- નોંધણી નિરીક્ષકશ્રી તમામ (ઓનલાઇન) તરફ જાણ સારૂ તથા અમલ સારૂ.

Scanned by CamScanner

# જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે દસ્તાવેજની નોંધણી માટે જરૂરી નોંધણી ફી ની ચુકવણી હાલમાં સબરજીસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ જઈને રોકડા, ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ પે ઓર્ડર ચેકથી કરી શકાય છે. હાલની આ પધ્ધતિમાં પક્ષકારોએ પોતાની સાથે રોકડ રકમ હાથ ઉપર રાખી જે તે કચેરીમાં કે બેન્કમાં જઈ નાણા ભરવાના થાય છે. જેથી નોંધણી ફીની ચુકવણી કરવા માટે રાજ્યની આમજનતાને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તેમજ આ અંગેના વ્યવહારો સલામત રીતે થાય તે હેતુને ધ્યાનમાં રાખીને દસ્તાવેજની નોંધણી તથા તેને આનુસંગિક કાર્યવાહી માટે ચુકવવાપાત્ર થતી રૂ. ૫૦૦/- કે તેથી વધુ રકમની ફી ની ચુકવણી પક્ષકારો ઈન્ટરનેટ મારફત ઘેર બેઠા પોતાની જાતે પોતાને અનુકૂળ સમયે ચુકવી શકે તે માટે ઓનલાઈન ઈ-પેમેન્ટની નવી સુવિધા શરૂ કરવા અંગે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૧૯/૯/૧૭ના ઠરાવથી મળેલ મંજુરી અન્વયે નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૨૭/૯/૧૭ ના પરિપત્રથી ઇ – પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

જેમાં-

1. પક્ષકારે ગરવી garvi.gujarat.gov.in સાઇટ પર Public Data Entry લિંક પર જરૂરી વિગતો ભરીને પોતાનુ લોગઇન આઇ.ડી બનાવવાનુ રહેશે.
2. ઉક્ત લોગઇન આઇ.ડી ની મદદથી લોગઇન થઇને પક્ષકારે વેચાણ થતી મિલકતને લગતી જરૂરી વિગતો ભર્યેથી ઓનલાઈન ઈ-પેમેન્ટની નવી સુવિધાથી નોંધણી ફી ઈન્ટરનેટ મારફત ઘેર બેઠા પોતાની જાતે પોતાને અનુકૂળ સમયે ચુકવી શકશે.
3. ઇ –પેમેન્ટથી નોંધણી ફી ભર્યા અંગેના ઇ - ચલનની પ્રિન્ટ કાઢીને પક્ષકારે દસ્તાવેજની નોંધણી માટે સંબંધિત સબ રજીસ્ટ્રાર કચેરીમાં જવાનુ રહેશે.
4. પક્ષકાર તરફથી રજુ થતા ઇ – ચલનનુ સબ રજીસ્ટ્રારશ્રી દ્વારા ઓનલાઇન વેરીફિકેશન કરવામાં આવશે તથા અન્ય કોઇ વ્યક્તિ ઇ – ચલનનો ફરીવાર દુરઉપયોગ ન કરી શકે તે માટે સબ રજીસ્ટ્રારશ્રી ઇ – ચલનને ગરવી વેબ એપ્લીકેશન મારફતે તુરંત જ લોક કરી દેશે.

તારીખ :

સ્થળ: સબ-રજીસ્ટ્રાર

Scanned by CamScanner